**મહે. સતલાસણાના જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ જે.ડી. પટેલ સાહેબની કોર્ટમાં,**

**મુ.સતલાસણા**

**ફોજદારી કેસ નં. ૫૫૯/૨૦૨૪**

**આંક–૩૬**

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી :– ૧૦. ઠાકોર અરજણજી દાંનાજી,
રહે. ખોડામલી,તા.સતલાસણા,
જિ.મહેસાણા

**ગુન્હો :–** જુગાર ધારાની કલમ ૧૨ મુજબ...

**–:: <u>ચુકાદો</u> ::–**

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ પોલીસ દ્વારા જુગાર ધારાની કલમ ૧૨ મુજબનો ગુનો તા. ૧૧/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૦૦–૪૫ વાગ્યાના સુમારે મોજે– ખોડામલી ગામે કેનાલની બાજુમાં આવેલ છાપરે લાઈટના

અજવાળે પોતાના અંગત ફાયદા સારૂ પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડી પોલીસ રેઈડ દરમ્યાન કુલ રોકડ રકમ રૂા. ૨,૬૮૦/– તથા મોબાઈલ નંગ–૨ કિંમત રૂપિયા ૨,૦૦૦/– રોકડ રકમ તથા મોબાઈલની કિંમત ગણી કુલ રૂપિયા ૪,૬૮૦/– તથા ગંજી પાના નંગ–૭૯ કિં.રૂા. ૦૦–૦૦ ના મુદ્દામાલ સાથે છ આરોપીઓ સ્થળ ઉપર પકડાઈ ગયેલ અને ચાર આરોપીઓ રેઈડ દરમ્યાન નાશી જઈ જુગાર ધારા કલમ–૧૨ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) અગાઉ આરોપીઓ નં. ૧ થી ૯ નાઓ હાજર થતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, ગુના કબૂલાત પુરશીશ રજુ કરેલ છે જે ધ્યાને લેતા આરોપીઓ સ્વેચ્છાપૂર્વક ગુનો કબુલ કરવા માંગતા હોઈ, કબુલાત સ્વીકારી, આરોપીઓને તેમની સામેના ગુનાની હકીકત વાંચી–સંભળાવી, સમજાવતા, આરોપીઓ કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે. જેથી આરોપીઓની ગુના સંબધે પ્લી આંક–૧૦ થી ૧૯ રેકર્ડ કરતા તેમાં પણ આરોપીઓએ ગુનો કબુલ હોવાનું સ્વીકારી અને તેમનો પ્રથમ ગુનો હોય અને પોતે બાળ–બચ્ચા વાળા હોય અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે. જેથી નામદાર કોર્ટે **આંક–૨૧ થી ઠરાવ જાહેર કરી આ.નં. ૧ થી ૯ નાઓને રૂા. ૨૦૦/– લેખે**

**રૂા. ૧,૮૦૦/- (અંકે રૂપિયા એક હજાર આઠસો પુરા નો) દંડ વસુલ કરી કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જ્યારે આરોપી નં. ૧૦ નાઓએ ગુન્હો કબુલ કરેલ ન હોઈ તેઓ સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.**

(૩) આરોપી તેઓના વિ.વ.શ્રી સાથે હાજર થતા આરોપીને આપવાની પોલીસ પેપર્સની નકલો આપ્યાની ખાત્રી કરેલ. ત્યારબાદ ચાલુ કેસમાં આરોપી હાજર થતાં તેઓ સામેના ગુનાનો સારાંશ વાંચી સંભળાવતા આરોપીએ તેઓ સામેનો આક્ષેપોનો ઈનકાર કરેલ છે. જે અંગે આંક - ૧૦ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. જેમા તેઓ સામેના આક્ષેપોનો ઈનકાર કરેલ. જે બાદ હાલનું કામ ફરિયાદપક્ષના પુરાવા માટે મુલતવી રાખવામાં આવેલ.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલાં છે.

**-:: <u>મૌખિક પુરાવા</u> ::-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ રાહુલજી અમરતજી ઠાકોર ની સોગંદ ઉપર જુબાની | ૨૭ |
| ૨ | પંચ સાહેદ, સોમાજી કાળાજી ઠાકોર ની સોગંદ ઉપર જુબાની | ૨૯ |
| ૩ | ફરીયાદી, જીજ્ઞેશ ડાહયાભાઈની સોંગદ ઉપરની જુબાની | ૩૦ |
| ૪ | ત. ક. અમલદાર મુકેશકુમાર કમજીભાઈની સોંગદ ઉપરની જુબાની | ૩૩ |

## –:: દસ્તાવેજી પુરાવો ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૮ |
| ૨ | ફરીયાદ | ૩૧ |
| ૩ | ગુના રજીસ્ટર રીપોર્ટ | ૩૪ |
| ૪ | તપાસ હુકમ | ૩૫ |

(૫) ફરિયાદપક્ષે તેઓનો પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતા રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપીનું ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોઈ, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

### –:: મુદ્દા ::–

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકા થી પર પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૧/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૦૦–૪૫ વાગ્યાના સુમારે મોજે– ખોડામલી ગામે કેનાલની બાજુમાં આવેલ છાપરે લાઈટના અજવાળે પોતાના અંગત ફાયદા સારૂ પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડી પોલીસ રેઈડ દરમ્યાન કુલ રોકડ રકમ રૂા. ૨,૬૮૦/– તથા મોબાઈલ નંગ–૨ કિંમત રૂપિયા ૨,૦૦૦/– રોકડ રકમ તથા મોબાઈલની કિંમત ગણી કુલ રૂપિયા ૪,૬૮૦/– તથા ગંજી પાના નંગ–૭૯ કિં.રૂા. ૦૦–૦૦ ના મુદ્દામાલ સાથે છ આરોપીઓ સ્થળ ઉપર પકડાઈ ગયેલ અને ચાર આરોપીઓ રેઈડ દરમ્યાન નાશી જઈ જુગાર ધારા કલમ – ૧૨ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદૃા અંગેના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદૃા નં.૧ ::–</u>**

(૮) ફરિયાદપક્ષે, આરોપી સામેના ગુનાનો આક્ષેપ પુરવાર કરવા માટે આંક – ૨૭ થી પંચ સાહેદ, રાહુલજી અમરતજી ઠાકોર તથા આંક–૨૯ થી પંચ સાહેદ, સોમાજી કાળાજી ઠાકોર ને તપાસેલ છે. જેઓ આંક– ૨૮ થી રજુ થયેલ પંચનામા માં ગામના બસ સ્ટેન્ડ પાસે સહી કરેલ હોવાનું જણાવે છે. પરંતુ સહી શી બાબતની હતી તેની ખબર ન હોવાનું જણાવે છે. ફરિયાદપક્ષે હાલના સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે. પરંતુ ફરિયાદપક્ષના કેસની હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

આ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતા ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવવાળી જગ્યાએ હાલના પંચ સાહેદો હાજર હોવાની હકીકત રેકર્ડ ઉપર થી ફલિત થાય છે. પરંતુ તેઓની હાજરીમાં આરોપીને સ્થળ પરથી જુગારના સાહીત્યા સાથે પકડેલ હોય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી. વધુમાં પુરાવાનો એવો કોઈ નિયમ નથી કે ફરી ગયેલ સાહેદનો પુરાવો માનવાપાત્ર નથી. પરંતુ આ કામે સાહેદનો સોંગદ ઉપરનો પુરાવો ઘ્યાને લેતા આ સાહેદોએ પંચનામાં સહી કરેલ હોવાનું ફ્લિત થાય છે. પરંતુ તેઓની હાજીરમાં આરોપીને મુદૃામાલ સહીત અટક કરેલ હોવાનું ફલિત થતુ નથી. જેથી કહેવાતા પંચનામામાં, પંચ સાહેદોની સહી લીઘેલ હોવાનું ફલિત થાય છે. પરંતુ

પંચનામાની વિગતે આરોપી પાસેથી જુગારનું સાહીત્ય કબજે કરેલ હોવાનું ફલિત થતુ નથી. જેથી આ સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થક કોઈ જ હકીકત પુરાવામાં જણાવતા નથી.

(૯) ફરિયાદપક્ષે આંક – ૩૩ થી તપાસ કરનાર અમલદાર, મુકેશકુમાર કામજીભાઈ પરમારને તપાસેલ છે. તથા આંક–૩૦ થી ફરીયાદી જીગ્નેશભાઈ ડાહ્યાભાઈને તપાસેલા છે અને ફરિયાદીને અનુરૂપ સોંગદ ઉપર જુબાની આપેલ છે તેમજ આરોપીને અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે. હાલના સાહેદ માત્ર પોલીસ સાહેદ હોવાથી તેઓનો પુરાવો ગ્રાહય રાખવા પાત્ર નથી તેવો પુરાવાનો કોઈ નિયમ નથી. પરંતુ હાલના સાહેદોની બચાવપક્ષે કરેલ ઉલટ તપાસ વંચાણે લેતા, જણાવે છે કે, તે વાત ખરી છે કે, પોતે રેઈડમાં સામેલ હતો ફરીયાદ પોતે કરેલ છે. એ વાત ખરી નથી કે, મુદ્દામાલ મળેલ હોય તે બાબતનુ પંચો રૂબરૂ કોઈ પંચનામુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી પાસેથી આવો કોઈ મુદ્દામાલ મળેલ નથી પણ પોલીસની કામગીરી બતાવવા ખોટો કેસ કરેલ છે. તે વાત ખરી છે કે, સદર કામે તમામ સાહેદો પોલીસના માણસો છે. એ વાત ખરી નથી કે, આરોપીઓએ આવો કોઈ જુગાર રમતા ન હતા. પણ કામગીરી બતાવવા હાલનો ખોટો કેસ કરેલ છે. તેમજ પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ ના નિવેદનો લીધેલ ન હોવાનું સ્વીકારે છે. જે હકીકત ધ્યાને લેતા પણ બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદોની હાજરી જણાઈ આવે છે. તેમ છતા તપાસ કરનાર અમલદારે આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી તેમજ તે કયા કારણોસર લીધેલ નથી તે અંગે કોઈ હકીકત સોંગદ ઉપરના પુરાવામાં જણાવેલ નથી. વધુમાં હાલના સાહેદો બનાવ સમયે કયા પંચ સાહેદો

હાજર હતા તે અંગે કોઈ હકીકત જણાવતા નથી. વધુમાં હાલના કામે સૌપ્રથમ પંચનામું કરવામાં આવેલ હોવા છતા ફરિયાદીએ પંચોના નામ તેઓની ફરિયાદમાં જણાવેલ નથી. જેથી બનાવ સમયે પંચોની હાજરીમાં આરોપીઓને અટક કરેલ હોવાની હકીકત શંકા ઉત્પન્ન કરે છે.

(૧૦) આ કામે કબજે કરેલ મુદ્દામાલ રોકડ અંગે આરોપી દ્વારા કોઈ કલેઈમ કરતા નહી હોવાની પુરષીશ આપી જાહેરાત કરેલ છે. જયારે વર્લીનું સાહીત્ય ગંજી પાના કાગળ તથા પેનએ બજારમાં સહેલાઈ થી મળી શકે તેવી વસ્તુઓ છે. જેથી તે હકીકત પણ ધ્યાને લેવામાં આવે તો કહેવાતો મુદ્દામાલ આરોપીનો હોવાનું ફલિત થતુ નથી. જેથી આ કામે ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતા તપાસ કરનાર અમલદાર તેમજ ફરિયાદી કે જેઓ બનાવ સમયે હાજર હતા તેઓ બનાવની મહત્વની હકીકતો જણાવતા નથી. જેથી તેઓનો પુરાવો શંકાસ્પદ જણાઈ આવે છે.

(૧૧)આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી તારીખ : ૧૧/૦૮/૨૦૨૪ ના રોજ ખોડામલી ગામે, કેનાલની બાજુમાં આવેલ છાપરાની લાઈટના અજવાળી આરોપીઓ પાસે વર્લી મટકાનો આંક ફરકનો પૈસાની હાર જીતનો જુગાર રમી રમાડતા હોવા અંગે તેમજ તેઓ પાસેથી જુગારના સાધનો મળી આવેલાની હકીકત ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>હુકમ</u> ::–

(૧) આરોપીનં. ૧૦ ઠાકોર અરજણજી દાંનાજી રહે. ખોડામલી, તા. સતલાસણા જી. મહેસાણાવાળાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની ક.૨૫૫(૧) અન્વયે જુગાર ધારા કલમ – ૧૨, મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ રોકડ રકમ રૂ.૨,૬૮૦/– અંકે રૂપિયા (બે હજાર છસ્સો એંસી) પુરા અંગે આરોપીઓએ કે અન્ય કોઈ વ્યકિતએ કોઈ કલેઈમ કરેલ ન અપીલ સમય વિત્યેથી સદરહું રકમ સરકાર ખાતે ખાલશા કરવા હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્દામાલ વર્લીના સાહીત્યનો નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલના મોબાઈલ નંગ–૨ માલીકી અંગે પુરાવો રજુ કર્યેથી પરત સોંપવો અન્યથા જાહેર હરાજી કરી તેનાં નાણાં સરકાર જમા કરાવવા.

(૪) આરોપીએ ક્રિ. પ્રો. કોડ કલમ– ૪૩૭એ અન્વયે રૂ.૫૦૦૦/–ના સધ્ધર જામીન રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. :– ૧૬/૦૪/૨૦૨૬
સ્થળ :– સતલાસણા.

**(જૈમિન ધીરૂભાઈ પટેલ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,સતલાસણા
Judge Code No-**GJ01613**